## ૬ ભાઈબંધ મારો બોલ્યો કુહૂ

Z6Q7V8

### ચાલો ગાઈએ ગીતડું :

એક તોફાની બારકસ
પોતે આખું સરકસ
વંદો, વીંછી, ઈંડું, દેડકું તેને ખિસ્સે જડે
ક્યાંક ને ક્યાંક કોઈની સાથે વઢે, આથડે, લડે
રોજેરોજ ને નિતનવાં થતાં તેનાં ફારસ... પોતે જ આખું સરકસ.
ગાળિયે ભરાતાં પગ એક દી' લટકી પડ્યા ઊંધા.
જતું-આવતું લોક કહે, ''આવા જ એના ધંધા.
ખાશો દયા ના કોઈ આ છેતરવાના કારસ.''... જોતું ઊભું સરઘસ.
લોહી ઊતર્યું મોઢે, આંખે ડોળા થઈ ગયા દડી
કેં ફાટતાં તોફાની બોલ્યા, ''ઉતારો અબઘડી.''
હેઠે લાવી બાપા પૂછે, ''માણસ છો કે ફાનસ?''.... સુધરી ગયા બારકસ.

### ચિત્રમાં લટાર મારો આપેલા પ્રશ્નોની ચર્ચા કરો.





મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ચિત્રમાં બતાવેલી જગ્યા ગામ કે શહેરથી કેટલી દૂર હશે? એવું તમને શાથી લાગ્યું?
- ચિત્રમાં કયાં કયાં પ્રાણી-પક્ષી છે?
- તેઓ શું કરી રહ્યાં છે? કેમ?
- તમે તેમાંથી કયાં પ્રાણી-પક્ષી વિશે પહેલી વાર જાણ્યું?
- કઈ વાતની તમને નવાઈ લાગી?
- પશુ-પક્ષી ઉપરાંત ચિત્રમાં શું શું છે?
- આ ચિત્રમાં જે ઘટના બતાવી છે તેની પહેલાં શું બન્યું હશે?
- હવે પછી શું થશે?

**ચિત્રનું મસ્ત મજાનું વર્ણન લખો. જંગલ, ચિત્ર, પ્રાણી, પક્ષી - શબ્દો વધુમાં વધુ બે-બે વાર વાપરી શકો.**

**ચિત્રમાં શું શું થઈ રહ્યું છે?** ..................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**પહેલાં શું થયું હશે?** ..................................................................

..........................................................................................

..........................................................................................

**પછી શું થશે?** ..................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................


..........................................................................................

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ⬡ પક્ષીઓ સાથે કૂજન કરીએ.



### સવાર

સવાર બોલે કૂકડેકૂક, કૂકડો ઊંચે જુએ
સૂરજદાદા આવી આખું કાળું આભ ધુએ
આભેથી તારાઓ આવી જમીન પર વરતાયા
બોરસલી ને પારિજાત આ ટગર બની પથરાયાં
ઘુવડ પેલું ત્યાં બિચારું બખોલમાં જઈ સૂએ
સૂરજદાદા આવી આખું કાળું આભ ધુએ
કચકચ કરતાં ચકલાચકલી, કોયલ ગાતો કુહૂ
કલબલ કરતી કાબર ઝઘડે, પોપટજીનું ઊંહું
કા કા કરતા કાગાભાઈ લુચ્ચું ખંધું જુએ
સૂરજદાદા આવી આખું કાળું આભ ધુએ
કૂણા કૂણા તડકા મહીં આ પતંગિયાંની ટોળી
ફૂલ ફૂલ પર બેસી એ તો મધને લેતી ખોળી
અંધારાના દરની માટી અળસિયાંઓ ખુએ
સૂરજદાદા આવી આખું કાળું આભ ધુએ.

- સુધીર દેસાઈ

- **વાતચીત :**
  - ગીતની કઈ પંક્તિ તમને સૌથી વધારે ગમી? ગાઓ કે સરસ રીતે બોલો.
  - કઈ પંક્તિઓ સાંભળતાં તમને એમ લાગ્યું કે એવું તો તમે જોયું છે?
  - તમે સવારે ઊઠીને સૌથી પહેલાં શું કરો છો? તમારી પહેલી ત્રણ ક્રિયા કહો.
  - સવાર થયા પછી ઘરની કઈ કઈ વસ્તુઓ એકબાજુ મૂકી દેવાય કે બંધ કરી દેવાય?
  - તમારાં મમ્મી, પપ્પા, ભાઈ, બહેન, દાદા, દાદી સવારે ઊઠીને કયાં કામ કરે છે? કોઈ એક વ્યક્તિ વિશે કહો.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- કવિતામાં આવે છે એ સિવાય સવારમાં બીજું શું શું થાય છે?
- ઘુવડને બિચારું કેમ કહ્યું હશે?

**પાંચ-પાંચના જૂથમાં કામ કરો. દરેક સભ્ય કોઈ એક અભિનય કરશે.**

૧ પક્ષીઓની જેમ ચાંચ વડે પાંખ સાફ કરો, પાણીના કૂંડામાં નહાઓ.

૨ ઘુવડની જેમ આંખ ફેરવો, બખોલમાં સૂઈ જાઓ.

૩ ચકલી, કાબર, પોપટ, કાગડા, કોયલ બની વાતો કરો.

૪ કપડાં ધૂઓ.

**ચિત્રને કાવ્યની પંક્તિનો નંબર આપો.**



**શબ્દ માટેનાં વાક્યો વાંચો. તે શબ્દ પરથી એક નવું વાક્ય બનાવો.**

૧ ખંધુ - લુચ્ચું

- શિયાળ એકદમ ખંધુ. સારું સારું બોલીને બીજાં પ્રાણીઓને ફસાવી દે.
- તે શાકવાળો ખંધો છે. ''તમારી જ દુકાન છે.'' એમ કહે ખરો, પણ બે મરચાંયે વધારે ના આપે.
- ..........................................................................................

૨ બખોલ : ઝાડ, પહાડ કે જમીનમાં પાડેલું બાકું, ગુફા જેવું પોલાણ

- ઘુવડ માટીના ટેકરા કે પહાડ પર બખોલમાં રહે, લક્કડખોદ બખોલ જેવો માળો બનાવે.
- કૂતરાને ખાડો કરતાં આવડે, બખોલ બનાવતાં ન આવડે.
- ..........................................................................................

૩ વરતાવું : દેખાવું, ઓળખાઈ જવું

- મમ્મી ખૂબ દૂર ઊભાં હતાં. છતાં, મયંકને વરતાઈ ગયાં.
- સંગીતા ગમે ત્યાં જાય, તેની આવડતને કારણે વરતાઈ આવે.
- ..........................................................................................

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

४ ખુએ : ખોદે, ઉપર-નીચે કરે

- વાવણી પહેલાં ખેડૂત હળથી ખેતર ખુએ.
- બગીચાની જમીનને પંદર-વીસ દિવસે ખુવી પડે, તો જ ફૂલછોડ સારા થાય.
- ..........................................................................................

એકવાર 'સવાર' લલકારો.

- કવિતામાં આવતાં પક્ષીઓનાં નામ લખો.
- કવિતામાં આવતાં અને એક જ જગ્યાએ રહેતાં સજીવોનાં નામ લખો.
- સરખા ઉચ્ચારવાળા શબ્દોની જોડ લખો.

૧. જુએ-ધુએ　　૨. ....................　　૩. ....................

૪. ....................　　૫. ....................　　૬. ....................

- જુદી જુદી રીતે આ કવિતા ગાઓ.

- એક જૂથ ગાય, બીજું જૂથ અભિનય કરે. ● એક જૂથ તાળી પાડે, .............
- એક જૂથ 'સૂરજદાદા... આભે ધુએ' જ ગાય, બીજું આખી કવિતા ગાય.

યોગ્ય વિકલ્પ સામે ✓ કરો.

**૧. સૂરજદાદા કાળું આભ ધુએ.**

- અજવાળું થતાં આકાશ ઊજળું લાગે.
- આકાશને વરસાદ પાડી ધુએ.
- સૂરજદાદા કાળું કપડું ધોવા માટે ઊગે છે.

**૨. તારા જમીન પર વરતાયા.**

- તારા જમીન પર આવી ગયા છે.
- ઘરે ઘરે લાઈટ થઈ, દીવા પેટાવ્યા છે.
- ધરતી પર તારાઓનું આછું અજવાળું આવી ગયું છે.

**૩. ફૂલ પર બેસી પતંગિયાં મધ લેતાં ખોળી**

- પતંગિયાં ફૂલને મધ આપે છે.
- ફૂલમાં આપણને મધ ન દેખાય પણ પતંગિયાં શોધી કાઢે છે.
- બધાં ફૂલ પતંગિયાં જેવાં લાગે છે.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. **બોરસલી ને પારિજાત ટગર બની પથરાયાં.**

- બોરસલી અને પારિજાતનાં ફૂલ ટગરનાં ફૂલની જેમ જમીન પર વેરાયાં છે.
- બોરસલી અને પારિજાતનાં પાંદડાં ટગરનાં ફૂલની જેમ જમીન પર વેરાયાં છે.
- બોરસલી અને પારિજાત ટગરનાં છોડની જેમ ફૂટી નીકળ્યાં છે.

**કાવ્યની તમને ગમતી ત્રણ પંક્તિ વાર્તાની જેમ લખો. તે માટે જરૂરી શબ્દ ઉમેરી કે દૂર કરી શકો.**

**ઉદાહરણ :** સવાર બોલે, કૂકડેકૂક, કૂકડો ઊંચે જુએ.

| પંક્તિનો ક્રમ | વાર્તા જેવી વાક્યરચના |
|---|---|
| ૧ | કૂકડો ઊંચે જોઈને બોલે ત્યારે જાણે કે સવાર 'કૂકડેકૂક' બોલતી હોય એમ લાગે છે. |

- વર્ગના બીજા મિત્રોએ શું લખ્યું છે તે સાંભળો. તેમાંથી તમને ગમી ગયેલાં વાક્યો અહીં નોંધો.

૧. ..............................................................................................

૨. ..............................................................................................

**સવાર પડતાં શું થાય છે; પક્ષી, જીવજંતુ, વગેરે શું કરે છે તે તમે જાણ્યું. સાંજ પડતાં શું શું થતું હશે, તે બધાં શું કરતાં હશે? લખો.**

૧ પક્ષી : ..............................................................................

૨ વૃક્ષ : ..............................................................................

૩ જીવજંતુ : ..............................................................................

૪ આકાશ : ..............................................................................

૫ તમારા ઘરમાં : ..............................................................................

..............................................................................................

**આપેલા જવાબ માટે કયો પ્રશ્ન પૂછવો પડે - કેવો, કેવી, કેવું, કેવા કે કેવાં?**

**ઉદાહરણ :** રાતનું આકાશ કાળું છે. આકાશ કેવું? : કાળું

૧. અળસિયાંનું દર અંધારિયું છે. .................................. : ..................

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૨. સવારનો તડકો <u>કૂણો</u> છે. ................................ : ....................

૩. કાગડાભાઈ <u>લુચ્ચા</u> છે. ................................ : ....................

૪. કાબર <u>ઝઘડાખોર</u> છે. ................................ : ....................

૫. સવાર થતાં ઘુવડ <u>બિચારું</u> થઈ ઊંઘી જાય છે. ............... : ....................

૬. બોરસલી અને પારિજાતનાં ફૂલ ટગર જેવાં લાગે છે. ફૂલ કેવાં? : ....................

૭. પતંગિયાંની ટોળી મધ શોધવામાં જાસૂસ જેવી છે. ............... : ....................

**કવિતા સિવાયની વાત ઉમેરીને કહો. ત્રણ ત્રણના જૂથમાં કામ કરો.**

**ઉદાહરણ :** આજે સવારે ઊઠીને મેં જોયું કે ...

- **ચાલો, પેલું તોફાની ગીતડું ગાઈએ : એક તોફાની બારકસ...**

**એક છોરો હેરાનગતિયો. એનું શું થાય? ચાલો સાંભળીએ અને વાંચીએ.**

## આહ! બોધરાજ, વાહ! બોધરાજ

આખી શાળામાં અમારો વર્ગ બહુ વિચિત્ર હતો.

પણ, વર્ગમાં સૌથી વિચિત્ર છોકરો તો હતો બોધરાજ. તેની મા કહેતી, "સાવ રાક્ષસ જેવો છે. માણસાઈ જેવું કાંઈક હશે કે કેમ આ છોકરામાં!"

એના હાથમાં ગોફણ તો હોય જ અને એનું નિશાન કદી ખાલી ન જાય. (પતંગિયાં અને ભમરી સાથે તો તે એવું કરતો કે આપણને કમકમાં આવી જાય.)

એના ગજવામાં જીવતો દેડકો, જાતભાતનાં ઈંડાં જેવી ચિત્ર-વિચિત્ર વસ્તુઓ ભરેલી હોય.

શાળા છૂટે પછી અમે બધાં ઘેર આવતાં, પણ એ રખડવા નીકળી પડતો. એની પાસે હંમેશાં અજબગજબની વાતોનો ખજાનો હોય. ક્યારેક તે દીવાલે ચોંટી જતી ઘોની વાત કરતો તો ક્યારેક માણસ ઊંચકી જતા પક્ષીની.

મારા પિતાને નોકરીમાં બઢતી મળી એટલે અમે મોટા બંગલામાં રહેવા ગયાં. તે જૂની ઢબનો હતો અને એના ગોદામમાં અમારો વધારોનો સામાન પડ્યો રહેતો. બંગલો શહેરની બહાર હતો. તેથી, મારા મિત્રો ત્યાં કો'ક વાર જ આવતા. એમાં બોધરાજ એક અપવાદ હતો. એ અવારનવાર આવતો. એને તો ત્યાંની વનરાજીમાં શિકાર કરવા માટે મોકળું મેદાન મળી ગયું હતું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ગોદામની હવાબારીનો એક કાચ તૂટી ગયેલો હતો, ત્યાં એક માળો હતો. ગોદામની જમીન પંખીઓનાં પીંછાં અને હગારથી તેમજ માળામાંથી પડેલાં તણખલાં અને ફૂટેલાં ઈંડાંનાં કોચલાંથી છવાયેલી હતી.

એક દિવસ માએ મને કહ્યું, ''તારા ભાઈબંધને માળા પીંખવાનો ભારે શોખ છે. જાઓ તમે બંને સાથે મળીને ગોદામ સાફ કરી નાખો. પંખીઓએ બહુ ગંદું કરી મૂક્યું છે.''

મેં વિરોધ કર્યો, ''મા, તું તો કહે છે કે માળા પીંખી નાખવા એ ઘાતકી કામ છે.''

''હું એમ નથી કહેતી કે પંખીઓને મારો. એમને હાનિ પહોંચાડ્યા વગર માળાની જગ્યા બદલી નાખો.''

બીજી વાર બોધરાજ આવ્યો ત્યારે એને સાથે લઈને હું ગોદામમાં ગયો. ગોદામમાં જંગલી જાનવરની બોડ જેવું અંધારું હતું અને દુર્ગંધ પણ આવતી હતી.

મને થોડો ડર તો હતો કે બોધરાજ એની ટેવ મુજબ માળા પીંખી નાખશે તો? પંખીનાં પીંછાં ખેંચીને ઈંડાં ફોડી નાખશે તો?

જે મા મારી બોધરાજ સાથેની મૈત્રીનો વિરોધ કરતી હતી એણે ગોદામ સાફ કરવાનું કામ એને કેમ સોંપ્યું તે મને સમજાયું નહીં.

અમે ગોદામમાં ગયા. બોધરાજની સાથે ગોફણ હતી. એણે છાપરા નીચે ક્યાં ક્યાં માળા છે તે બરાબર જોઈ લીધું. લાકડાના મોભની બે બાજુ ઢળતું છાપરું હતું. મોભને એક છેડે હવાબારી પાસે પણ એક માળો હતો.

ગોફણનું નિશાન લેતો બોધરાજ બોલ્યો, ''ત્યાં કાબરનાં બચ્ચાં છે!''

બે નાની નાની પીળી ચાંચ માળામાંથી બહાર દેખાતી હતી.

'જો, એ બ્રાહ્મણી કાબર છે. એ આ વિસ્તારમાં ભાગ્યે જ જોવા મળે. આ બચ્ચાંનાં માબાપ બીજી કાબરોથી વિખૂટાં પડી ગયાં હશે અને અહીં માળો બાંધ્યો હશે.'

''એનાં માબાપ હમણાં ક્યાં ગયાં હશે?''

''તે ચણ લેવા ગયાં હશે. હમણાં જ પાછાં ફરશે.'' બોધરાજે ગોફણ ઊંચી કરી. હું તેને રોકવા માગતો હતો. પણ, હું કંઈ કહું તે પહેલાં તો સ..ન..ન..ન.. અવાજ આવ્યો... અને એમાંથી છૂટેલો પથ્થર પતરાના છાપરા સાથે અફળાઈને જોરથી નીચે પડ્યો.

નાનકડી ચાંચો માળામાં સંતાઈ ગઈ. પંખીઓનું ચીં ચીં ચીં ચક..ચક... થંભી ગયું. બધાં પંખીઓ ગભરાઈને શાંત થઈ ગયાં હોય એવું લાગ્યું.

બોધરાજે બીજો પથ્થર ફેંક્યો. આ પથ્થર થાંભલાને વાગીને નીચે પડ્યો. બોધરાજને પોતાના અચૂક નિશાન માટે ગર્વ હતો. બે વાર નિશાન ખાલી જતાં તે પોતાની જાત પર ગુસ્સે થયો. માળામાંથી બચ્ચાંઓએ ફરી ડોકિયું કર્યું ત્યારે તેણે ત્રીજો પ્રયત્ન કર્યો. આ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વખતે પથ્થર માળાની એક બાજુએ વાગ્યો. માળામાંથી રૂના થોડા ગાભા અને સળી નીચે પડ્યાં, પણ માળો નીચે પડ્યો નહીં.

બોધરાજે ફરી ગોફણ ઉપાડી. અચાનક હવાબારીમાંથી આવતા પ્રકાશને રોકી દેતો એક મોટો પડછાયો રૂમમાંથી ઝડપથી પસાર થઈ ગયો. અમે ચમકીને જોયું તો એક સમડી પાંખો પસારીને અમને ભયંકર રીતે તાકી રહી હતી.

''આ માળો સમડીનો હશે.'' મેં કહ્યું.

''સમડીનો માળો અહીં ક્યાંથી હોય? સમડી તો ઝાડ પર માળો બાંધે. આ મેનાનો જ માળો છે.''

બચ્ચાં ચીં ચીં કરતાં પાંખો ફફડાવવા લાગ્યાં. અમારો શ્વાસ થંભી ગયો. સમડી આ બચ્ચાંને કંઈ કરશે તો?

સમડી હવાબારી પરથી ઊડીને થાંભલા પર જઈ બેઠી. તેણે પાંખો સંકેલી લીધી, આંખો ખોલી અને આજુબાજુ જોવા લાગી. બચ્ચાંની ભયભીત કિકિયારીઓથી વાતાવરણ ભરાઈ ગયું.

''આ સમડી અહીં દરરોજ આવતી હશે.'' બોધરાજ બોલ્યો.

હવે મને સમજાયું કે કપાયેલી પાંખો, સરકડી અને પંખીઓના માંસના ટુકડા શાથી જમીન પર વેરાયેલાં રહેતાં હતાં. આ સમડી અવારનવાર આવીને પક્ષીના માળા ચૂંથતી હશે.

બોધરાજની નજર સમડી પરથી ખસતી નહોતી. સમડીની નજર માળા તરફ જતી હતી. બચ્ચાંની કિકિયારીઓ વધી ગઈ.

''સમડી બચ્ચાંને ખાઈ જશે.'' બોધરાજ બોલ્યો. એનો જવાબ મને જુદો લાગ્યો.

બોધરાજે નિશાન તાક્યું. સમડી નીચેથી ઊડી થાંભલાને એક ચક્કર લગાવીને ફરી થાંભલા પર બેઠી. બચ્ચાંની ચીસો ચાલુ હતી.

બોધરાજે ગોફણ અને થોડા પથ્થર ગજવામાંથી કાઢી મારા હાથમાં મૂક્યાં.

''સમડીને મારતો રહેજે એને પથ્થર મારી ઉડાડજે. માળા પર બેસવા દેતો નહીં.'' આટલું કહેતાં દોડીને તે એક ટેબલ ખેંચી લાવ્યો અને રૂમની વચ્ચોવચ ઊભો રહી ગયો.

મને ગોફણ છોડતાં તો આવડતું નહીં. મેં એક વાર પ્રયત્ન કરી જોયો. પરંતુ સમડી તો એક થાંભલેથી ઊડીને બીજે બેઠી.

બોધરાજે ટેબલ ખસેડીને બરાબર માળા નીચે મૂક્યું. બાજુમાં પડેલી એક તૂટેલી ખુરશી ઊંચકીને ટેબલ પર મૂકી. ખુરશી પર ચડીને માળો હાથમાં લઈને હળવેથી નીચે ઊતરી ગયો.

ત્યાંથી અમે ગેરેજમાં ગયા. તેમાં માત્ર એક જ નાની બારી અને દરવાજો હતાં. દીવાલોને ટેકવતો મોભ હતો.

''સમડી અહીં નહિ આવી શકે.'' કહેતાં બોધરાજે પેટી પર ચડીને માળો પેલા મોભ પર ગોઠવી દીધો.

કાબરનાં બચ્ચાં હવે કંઈક શાંત થયાં હતાં. પેટી પર ચઢીને બોધરાજે માળામાં ડોકિયું કર્યું. મને થયું કે હમણાં બચ્ચાંને ઉપાડીને ગજવામાં મૂકી દેશે. પણ એણે એમ ન કર્યું. એ થોડી વાર નાનાં કૂમળાં બચ્ચાંને જોઈ જ રહ્યો. પછી મને



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કહ્યું, ''થોડું પાણી લાવ. બચ્ચાં તરસ્યાં છે.''

'આ બોધરાજ બોલે છે?' હું માની ન શક્યો.

હું પાણીનો ગ્લાસ ભરી લાવ્યો. બંને બચ્ચાંની ચાંચ ખુલ્લી હતી. બંને હાંફી રહ્યાં હતાં. બોધરાજે એમને ટીપે-ટીપે પાણી પીવડાવ્યું. મને અડકવાની ના પાડી. પોતે પણ હાથેથી એમને અડક્યો નહીં.

''એમનાં મા-બાપને કેવી રીતે ખબર પડશે કે એમનાં બચ્ચાં અહીં છે?'' મેં પૂછ્યું.

''તેઓ શોધી કાઢશે.''

અમે ઘણી વાર સુધી ગેરેજમાં ઊભા રહ્યા. બારણું કેવી રીતે બંધ કરી દેવું એનો વિચાર કર્યો. જેથી સમડી ફરી ક્યારેય ગોદામમાં આવી શકે નહીં.

બીજે દિવસે બોધરાજ આવ્યો ત્યારે એની પાસે નહોતી ગોફણ કે નહોતા પથ્થર. એ દાણાની થેલી ભરી લાવ્યો હતો.

**- ભીષ્મ સાહની**

## • વાતચીત :

- તમને કેવાં તોફાન ન ગમે?
- તમે કોઈ તોફાની બાળકને ઓળખો છો? તે કેવાં કેવાં તોફાનો કરે છે?
- તમને કયાં કયાં જાનવર કે જંતુની બીક લાગે છે? કેમ?
- બીક લાગે ત્યારે શરીરમાં શું શું થાય? મજા આવે ત્યારે શું થાય?
- કયાં કયાં પક્ષીને શિકારી પક્ષી કહેવાય? કેમ?
- અત્યારે શિકારી માણસો હશે? તેઓ શાનો શાનો શિકાર કરે? કેમ?
- તમને શું લાગે છે શિકાર કરવો જોઈએ?
- ગોદામમાં જાનવરની બોડ જેવી ગંધ કેમ આવતી હશે?
- સમડી ખોરાક માટે હવે શું કરશે?

**આંખો બંધ રાખી આ પાન પછી બીજાં પંદર પાન ગણો. કયો પાન નંબર આવ્યો? હવે તપાસો. આપેલું વાક્ય સાચું હોય તો જીભ કાઢો, બતાવ્યા પ્રમાણે ખોટું વાક્ય સુધારો.**

૧. બોધરાજ શાળાનો સૌથી ~~ડાહ્યો~~ વિદ્યાર્થી ગણાતો. તોફાની..................

૨. પતંગિયાં જોતાં જ બોધરાજ ઊભો રહી જતો. તેમને જોયા કરતો અને તેમના ફોટા પાડતો. ..................................................

૩. શાળાએથી છૂટીને બોધરાજ ઘરે જતો નહીં, તે આસપાસ ફરતો રહેતો.................

૪. બોધરાજ ભીષ્મના નવા ઘરે અવારનવાર જતો. .............................................

૫. પોતાનું નિશાન ખાલી જાય તો બોધરાજ પોતાના પર ખૂબ ગુસ્સે થતો. ...............

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૬. ગોદામમાં સમડીનો માળો હતો. ..............................................................

૭. બોધરાજે કાબરના માળાને ગૅરેજમાં ગોઠવ્યો. ..............................................

૮. બોધરાજ અને ભીષ્મે કાબરનાં બચ્ચાંને હાથમાં લઈ દાણા ખવડાવ્યા. .................

**શબ્દનો અર્થ સમજો. તે શબ્દનો ઉપયોગ કરી નવું વાક્ય બનાવો.**

**૧. અપવાદ**

- મારાથી તીખું ખવાતું નથી, પાણીપૂરી તેમાં અપવાદ.
- આખો વર્ગ ખો-ખો રમે, રાધિકા તેમાં અપવાદ. તે એકલી એકલી દોરી કૂદ્યા કરે.
- ..........................................................................................

**૨. ગોદામ :**

- સૌમ્યના કંપાસમાં ઘણી પૅન્સિલ જોઈને બહેન બોલ્યાં, ''કંપાસ છે કે પૅન્સિલનું ગોદામ?''
- હમણાં બધી મકાઈ ગોદામમાં ભરી રાખી છે. પછી ટ્રકમાં ભરી બજારમાં મોકલાશે.
- ..........................................................................................

**૩. બઢતી :**

- મારા કાકાને બઢતી મળી. હવે તેમનો પગાર પણ વધશે.
- દિવ્યાનાં માસીને બધા 'સાહેબ' કહે છે - તેમને બઢતી મળી છે એટલે.
- ..........................................................................................

**૪. મોકળું મેદાન :**

- નદીમાં પાણી ઓછું હતું એટલે બધાંને નહાવા મોકળું મેદાન મળી ગયું.
- ઘરમાં ક્યાંય તાળું ન હતું. ચોરને તો મોકળું મેદાન મળી ગયું.
- ..........................................................................................

**૫. ગર્વ :**

- સાહેબે ધરાના ચિત્રને વખાણ્યું. તેને ગર્વ ચઢી ગયો છે. હવે તે કોઈ સાથે રમતી નથી.
- કિરણને એક જ વારમાં બધું આવડી જાય. પણ તેને જરાય ગર્વ નથી. જે કોઈ તેને પૂછે, તે બધાંને શીખવે.
- ..........................................................................................

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**જોડીમાં કામ કરો. આપેલાં વાક્યો જેવા અર્થવાળાં વાક્યો વાર્તામાંથી શોધો. તે વાક્યના પહેલા બે અને છેલ્લા બે શબ્દ કૌંસમાં લખો.**

**ઉદાહરણ :** બોધરાજ ભારે તાકોડી. તે મારે એટલે ગોફણનો પથ્થર તેના ધાર્યા પ્રમાણે જ વાગે. (એના હાથમાં .... ન જાય.)

૧. ગોફણ વાગતાં પક્ષીઓ ચીસાચીસ કરી મૂકતાં. કોઈ ઘવાયેલાં પક્ષીની પાંખ કે પીંછાં હવામાં ઊડતાં. પક્ષીઓની કિકિયારીઓથી વાતાવરણ દુઃખભર્યું, અશાંત બની જતું. (                    )

૨. ગોદામમાં ગુફા જેવું અંધારું તો હતું જ. સમડીએ વેરેલાં માંસ - પીંછાંને કારણે ત્યાં ખરાબ ગંધ પણ આવતી હતી. (                    )

૩. ગોફણના અવાજથી ડરીને કાબરનાં બચ્ચાં ચૂપચાપ માળામાં ભરાઈ ગયાં. (                    )

૪. જેને પક્ષીઓને હેરાન કરવાની, માળા ફેંદવાની મજા આવતી હતી, તે બોધરાજ કાબરનાં બચ્ચાં બચાવવાની વાત કરતો હતો. આ વાત મારા માનવામાં આવતી નહોતી. (                    )

૫. ગોદામમાં સમડી છે એમ ખબર પડતાં જ કાબરનાં બચ્ચાં ડરી ગયાં. તેમણે ચીસાચીસ કરી મૂકી. ગોદામ તેમના અવાજથી ભરાઈ ગયું.(                    )

૬. ગોદામની હવાબારીમાંથી વિશાળ પડછાયો એકાએક ધસી આવ્યો. બોધરાજ અને મેં ચમકીને જોયું તો એક શિકારી પક્ષી હુમલો કરવા તૈયાર હોય તેમ પાંખ ફેલાવી અમને ધારી ધારીને જોઈ રહ્યું હતું. (                    )

**પ્રશ્નોના ઉત્તર લખો.**

૧. જીવજંતુ અને પક્ષીઓ વિશે અવનવી વાતો બોધરાજ કઈ રીતે શીખ્યો હશે?

૨. બોધરાજનાં કયાં કયાં વર્તન વાંચી તમને અરેરાટી થઈ? કોઈ પણ બે લખો.

૩. ભીષ્મની માતાને બોધરાજ સાથેની તેની દોસ્તી ગમતી હતી? કેમ?

૪. સમડી દરરોજ ગોદામમાં આવતી હશે તે વાત ભીષ્મને કેવી રીતે સમજાઈ?

૫. બોધરાજે કાબરનાં બચ્ચાં કઈ રીતે બચાવ્યાં?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તમને શું લાગે છે? વર્ગને જણાવો અને લખો.


૧. સમડીના આવ્યા પછી બોધરાજના વર્તનમાં શો ફેરફાર થયો? કેમ?
૨. જીવજંતુ, પશુપક્ષી જોઈ બોધરાજ હવે શું કરતો હશે?
૩. સમડી હવે ખોરાક મેળવવા શું કરશે? ક્યાં જશે?
૪. આ વાત કાબરનાં બચ્ચાં કહે તો કેવી રીતે કહે?

અમારાં મમ્મી-પપ્પા ભૂલાં પડી ગયેલાં. એક ગોદામમાં તેમણે માળો બનાવેલો. અમારો જન્મ ત્યાં થયો હતો. એક દિવસ તેઓ ચણ શોધવા ગયાં. ત્યારે....

- **ફરી એકવાર ગીતડું : 'એક તોફાની બારકસ...'**

## બોધરાજની જેમ પક્ષીઓને ઓળખો અને તેમના વિશે લખો. ચિત્રની નીચે પક્ષીનું નામ લખો. આ પક્ષીઓમાંથી તમને ગમતા પક્ષી વિશે લખો.

**ઉદાહરણ :**



પતરંગો માખીમાર કૂળનું પંખી છે. તે ઊડતાં-ઊડતાં માખી જેવાં જંતુઓ ખાય છે. વીજળીના તાર પર બેઠેલા પતરંગા તમે જોયા હશે તે વીજળીના તાર પરથી ઊડીને જીવડાં પકડીને તરત જ પાછો તાર પર આવીને બેસી જાય. તમને થશે, 'પતરંગો' નામ કેમ! પાંદડાં જેવાં રંગવાળો છે એટલે.

તેની ચાંચ પાતળી, જરાક વાંકી અને આગળથી અણીદાર હોય છે. પતરંગાના પગ પાતળા અને નાના હોય છે. તેની પાંખ આગળથી ગોળ અને પાછળથી અણીદાર હોય છે. તેને આંખ નીચે કાળું ધાબું હોય છે. આપણી આજુબાજુ દેખાતા પતરંગા ચકલીથી થોડા નાના અને પાતળા હોય છે. તેમનું અંગ્રેજી નામ છે, 'ગ્રીન બી ઈટર'.









મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

**વાક્યો વાંચી જુઓ, સાચા વાક્ય સામે ✓ કરો.**

૧. નાનો બહેન ગાતું હતી.
નાની બહેન ગાતું હતું.
નાની બહેન ગાતી હતી.

૨. બધી બાળકોને ચકડોળમાં મજા પડી.
બધાં બાળકોને ચકડોળમાં મજા પડી.
બધાં બાળકોને ચકડોળમાં મજા પડ્યો.

૩. લગ્નમાં ઘણું મહેમાન આવ્યા છે.
લગ્નમાં ઘણા મહેમાન આવ્યું છે.
લગ્નમાં ઘણા મહેમાન આવ્યા છે.

૪. બકરી બધું પાંદડું ખાઈ ગઈ.
બકરી બધાં પાંદડાં ખાઈ ગઈ.
બકરી બધા પાંદડા ખાઈ ગઈ.

**વાક્યો મોટેથી વાંચો. જે ભૂલ હોય તે સુધારીને તમારી નોટબુકમાં લખો. ગાઢા અક્ષરે છાપેલ શબ્દ બદલવાનો નથી.**

**ઉદાહરણ :** જાડી **દેડકો** જોરથી ગાતું હતો. જાડો દેડકો જોરથી ગાતો હતો.

૧. નાનકડો **પતંગિયું** ઊડતીઊડતી નેહાના નાક પર જઈ બેઠી.

૨. **હું** નિશાળે જવા નીકળી ત્યારે જ લુચ્ચું **વરસાદ** પડી.

૩. મોટી ઘટાદાર **પીપળા** પર ઘણાં **જીવજંતુ** રહેતો હતો.

૪. વાર્તાની **પુસ્તક** મોટી હતી, ચિત્રનું **ચોપડી** પાતળું હતું.

૫. બધી **બાળકોએ** દૂધ પીધો **વડીલોએ** રાબ પીધું.

- **ફરી તોફાન કરીએ? 'એક તોફાની બારકસ...'**

**જોડીમાં બેસો. વાર્તા વાંચો અને સાથે મળીને પ્રશ્નોના જવાબ લખો.**

૧. બોતડાંએ આજે પહેલી વાર રણ પાર કરવાનું હતું. પ્રવાસ કરવાનો હતો. તેથી આખો પરિવાર ખુશ હતો. સૌથી આગળ ઊંટ ચાલતો હતો. વચ્ચે ત્રણ બાળકો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અને છેલ્લે તેમની મમ્મી. થોડુંક ચાલ્યા પછી ઊંટે પાછળ વળીને જોયું અને પૂછ્યું. 'અરે, આપણે ચાર કેમ? એકાદ બોતડું રહી ગયું છે કે શું?' ઊંટડી કહે, ''તમે પોતાને તો ગણો!''

૧. ખાલી જગ્યામાં જવાબ લખો :

પપ્પા (..................) મમ્મી (..ઊંટડી........) બાળક (..................)

૨. મદનિયાએ જોયું, 'વાંદરો કૂદે, વાંદરી કૂદે, વાંદરુંય કૂદે, હરણ, હરણી ને બધાં હરણાંય કૂદે. શિયાળવાં કૂદે ને વાઘ-સિંહેય કૂદે. બસ, એક પોતાનાથી નથી કૂદાતું. ઊંચીકૂદ કે લાંબીકૂદની તો વાત જ ક્યાં કરવી!' દુઃખી થયેલું મદનિયું મેદાનની બહાર નીકળી ગયું. હાથણી આખી વાત સમજી ગઈ. તેણે મદનિયા પાસે જઈ કહ્યું, ''તું ગોળાફેંક માટે કેમ નથી જતો બેટા? એમાં તો તારો જ નંબર આવશે.''

- **કોઠો પૂરો કરો.**

| | મમ્મી | પપ્પા | બાળક | મમ્મી + પપ્પા + બાળક |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | શિયાળવી | શિયાળ | | |
| ૪. | | | વાઘ | |
| ૫. | | | બાળસિંહ | |

૩. કુટુંબમાં બધાં મળીને કામ કરે. દરજી કપડાં સીવે, દરજણ બટન ટાંકે; ઘાંચી તેલ કાઢે, ઘાંચણ ઘાણી સાફ રાખે; માટી ગૂંદવામાં, ચાકડો ફેરવવામાં, માટલાં પકવવામાં કુંભારણ અને કુંભાર સાથે ને સાથે; લુહાર અને લુહારણ સાથે મળીને દાતરડું, પાવડો વગેરે બનાવે. માળી ફૂલછોડની સંભાળ રાખે. માળણ ફૂલ ગૂંથી માળા, વેણી, હાર, ગુલદસ્તા બનાવે, વેચે. શેઠ-શેઠાણી દુકાન સાચવે. નોકર-નોકરાણી ઘરની દેખરેખ રાખે.

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

● ફકરાના આધારે કારીગરોનાં નામ લખો.

૧. ....શેઠ.... – ....શેઠાણી.... ૨. .............. – ..............

૩. .............. – .............. ૪. .............. – ..............

૫. .............. – .............. ૬. .............. – ..............

કૌંસમાં પ્રાણીનાં નામ મૂકો. રંગીન શબ્દોમાં ઉદાહરણ પ્રમાણે વાક્ય બનાવો.

(ગાય, ઉંદરો, બળદ, હાથી, ઊંટ, ગધેડું, અળસિયું, કૂતરું, ચકલી, ખેડૂત, પોપટ, કાબર)

● ખૂબ જૂના સમયથી (ગાય) **આપણી** મિત્ર **રહી** છે.

● ખૂબ જૂના સમયથી (હાથી) **આપણો** મિત્ર **રહ્યો** છે.

● ..............................................................................................

● ..............................................................................................

● ..............................................................................................

● ..............................................................................................

● ..............................................................................................

● છેલ્લી એકવાર ગીતડું ગાઈ લઈએ : એક તોફાની બારકસ...

ભાષાની રીતે ગણિત સમજો. આપેલ પ્રશ્ન કયા દાખલાનો છે? કૌંસમાં તેનો ક્રમાંક લખો.

**ઉદાહરણ** : મહીસાગર પરના એક પુલ પર ૩૪ બસ સળંગ ઊભી રહી શકે. જો એક બસની લંબાઈ બે કાર જેટલી હોય તો પુલ પર કેટલી કાર ઊભી રહી શકે?

૧. આમાં કયો જવાબ શોધવાનો છે?

૨. શાની-શાની લંબાઈની સરખામણી કરવી પડશે?

૩. જવાબ ૩૪ કરતાં વધારે આવશે કે નહીં?

૧. ઈવા જ્યાં ઊભી છે, ત્યાંથી તે ૨૫ ડગલાં ડાબી તરફ અને ત્યારબાદ ૧૦ ડગલાં જમણી તરફ ચાલે છે. તે પોતાની મૂળ જગ્યાએથી કેટલાં ડગલાં દૂર હશે?

૨. જહાનવી પાસે ત્રણ લિટરની બૉટલ છે, હાર્દિક પાસે બસો મિલિની. હાર્દિક પાસે બીજી કેટલી બૉટલ હોય તો તેનું અને જહાનવી પાસેનું પાણી સરખું થાય?

૩. આનંદીના કંપાસમાં વીસ લખોટી છે. તેમાંથી અડધી લખોટી પીળા રંગની અને ચોથા ભાગની ગુલાબી છે. આનંદી પાસે કેટલી પીળી અને કેટલી લાલ લખોટી છે?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. શ્યામાના બગીચામાં સૂરજમુખી અને ગુલાબની બે-બે હાર છે. દરેક હારમાં સાત-સાત છોડ છે. દરેક છોડ પર એક-એક ફૂલ છે. શ્યામાના બગીચામાં કેટલાં સૂરજમુખી અને કેટલાં ગુલાબ હશે?

૫. મોહસીને થાળીની મદદથી વર્તુળ દોર્યું. તે વર્તુળની અંદર સમીરે વાટકીની મદદથી ત્રણ વર્તુળ દોર્યાં. સમીરનાં વર્તુળોની અંદર સ્વીટુએ પોતાની બંગડીથી બે-બે વર્તુળ દોર્યાં. કહો કુલ કેટલાં વર્તુળ થયાં?

૧. લખોટીના કેટલા ભાગ પાડવાના છે? કયા કયા? ( ૩ )
૨. ઈવા કુલ કેટલાં ડગલાં ચાલશે? (  )
૩. અહીં પાણી માપવા માટેના કયાં-કયાં એકમ આપેલાં છે? (  )
૪. ચોથા ભાગની એટલે કેટલી? (  )
૫. કેટલી વ્યક્તિ વર્તુળ દોરે છે? (  )
૬. બગીચામાં કેટલા પ્રકારનાં ફૂલ છે? (  )
૭. દસ ડગલાં ભરશે ત્યારે તે મૂળ જગ્યા તરફ જશે કે દૂર? (  )
૮. અત્યારે હાર્દિક પાસે કેટલું પાણી છે? (  )
૯. એક લિટર  એટલે કેટલ મીલીલીટર? (  )
૧૦. સાત હારમાં કુલ કેટલા છોડ છે? (  )
૧૧. સૌથી વધારે વર્તુળ કોણે દોર્યાં? (  )
૧૨. દસની બમણી એટલે કેટલી? (  )
૧૩. પહેલીવાર ડગલાં ભરશે ત્યારે મૂળ જગ્યાથી દૂર જશે કે નજીક? (  )
૧૪. કયા રંગની લખોટી આનંદીની લખોટી કરતાં અડધી હશે? (  )
૧૫. સૌથી ઓછાં વર્તુળ કોણે દોર્યાં? (  )

## લગભગ સરખા :

**વિચિત્ર**-ના ગમે તેવા વર્તન કે દેખાવવાળું; **ભેદવું**-તોડવું, આરપાર જવું; **ગાભું**-નકામું કપડું, ચીંથરું; **ચૂંથવું**-ફેંદી નાખવું, બગાડી નાખવું; **હળવે**-ખૂબ ધીમેથી; **અવનવું**-નવી જાતનું.

## હસો અને ભજવો

છગનલાલ : તમે ઘરે મધપૂડા કેમ ઉછેરો છો? મફત મધ મળે એટલે?

મગનલાલ : મધ તો મળે જ. મહેમાન પણ ઓછા આવે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




## તને સાંભરે રે...

- ગીતડુંના શબ્દ બોલું તો તેની સાથે તમને કયા શબ્દો યાદ આવે? (ઈંડું, ડોળા....)
- તમે કવિતા મોઢે કરી હતી કે ગાતાંગાતાં યાદ રહી ગઈ? કેટલી વાર ગાયા પછી યાદ રહી ગઈ?
- બળદ, ગાય, વાછરડાની વાર્તા કોણે સૌથી સરસ અથવા જુદી બનાવી?
- ચોપડી બહારની કોઈ વાત થઈ હતી આપણે? શું વાત થઈ હતી?
- શાનો/કયો અભિનય કરવાની તમને સૌથી વધુ મજા આવી?
- બોધરાજની વાર્તા સાંભળતી વખતે તમે ફક્ત દુ:ખી કે ઉદાસ થયા હતા કે ખુશ પણ થયા હતા? ક્યારે ક્યારે?
- બોધરાજ અત્યારે વર્ગમાં આવે તો તમે તેને શું શું પૂછો?
- બોધરાજની વાર્તામાં મને કઈ વાત ગમી હશે? તમને તે શેના પરથી ખબર પડી?
- ગીતડું અને કવિતા કોણ સૌથી સરસ રીતે ગાય છે? તેવું સરસ ગાવા તમે શું કરશો?
- આંખ બંધ કરીને કવિતા ગાઓ તો તમને શું શું દેખાય?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



યમ-નચિકેતા

ચિત્રકાર : શ્રી રવિશંકર રાવળ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in